# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-07-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નગવાણી** વાંચે છે.

---

## અમિત શાહ : ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે આણંદ ખાતે દેશની પ્રથમ સહકારિતા વિશ્વવિદ્યાલય ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલયનું ભૂમિપૂજન કર્યું. આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે જણાવ્યું કે છેલ્લા ચાર વર્ષમાં સહકારિતા મંત્રાલયે 60 નવી પહેલ શરૂ કરી છે.**

**તેમણે ઉમેર્યું કે, આ વિશ્વવિદ્યાલય સહકારી ક્ષેત્રમાં નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સહકારી વિકાસ વ્યૂહરચના અને સંશોધન જેવા કાર્યો કરશે.**

**આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે સહકારિતા મંત્રાલય અને NCERTના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરાયેલા સહકારિતા પરના વિશેષ દ્વિભાષીય મોડ્યુલનું અનાવરણ પણ કર્યું હતું.**

-----------------------------------------------------------------------------------------

## બેગલેસ ડે

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ધોરણ 1 થી 8 માં અભ્યાસ કરતા બાળકોનો માનસિક શારીરિક વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા દર શનિવારે બેગ લેસ ડે તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આજે બાળકો સ્કુલબેગ વિના જ શાળાએ પહોંચ્યા હતા. બેગ્લેસ ડે નિમિત્તે વિદ્યાર્થીઓ આજે ખૂબ જ આનંદિત નજરે પડયા હતા અને શિક્ષણ સિવાયની અન્ય ઈત્તર પ્રવૃતિઓમાં જોડાયા હતા.**

આ અંગે વિગતો આપતા કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ કે, બાળકોમાં છુપાયેલા કૌશલ્યનો વિકાસ થાય તે માટે તેમના સર્વાંગી ઘડતરના ભાગરૂપે આ આયોજન કરાયું છે.

હવે દર શનિવારે બાળકોને આ રીતે જ બેગ વિના જ સ્કૂલે આવવાનું રહેશે અને બાળકોને અભ્યાસ સિવાયની રમતગમત, સાંસ્કૃતિક, યોગ, ચિત્ર સહિતની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

---

## વરસાદ

જિલ્લામાં છવાયેલા અષાઢી માહોલ વચ્ચે આજે જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં વરસાદના સમાચાર પ્રાપ્ત થયા છે. દરરોજ સવારે ધાબડિયા માહોલ બાદ બપોર બાદ વરસાદ થવાનો સીલસીલો આજે પણ યથાવત રહ્યો હોય તેમ બપોરે જિલ્લા મથક ભુજ ઉપરાંત માધાપર, દહીંસરા, સુખપર, માનકૂવા વિસ્તારમાં ઝાપટા વરસ્યા હતા.

બંદરીય માંડવી શહેરમાં સવારથી ઝરમર સ્વરૂપે વરસાદ શરૂ થયો હતો. બપોરના અરસામાં ગ્રામ્ય વિસ્તારોમાં છાંટા કે ઝરમર સ્વરૂપે પાણી વરસ્યું હતું. ગઈકાલે જોરદાર વરસાદથી તરબતર નખત્રાણામાં પણ આજે બપોરે ઝાપટા સ્વરૂપે વરસાદ શરૂ થયો હતો. તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં પણ વરસાદ થયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. અબડાસાના કોઠારા, રાતા તળાવ, ડુમરા, રવા, ખીરસરા, ભેદી, મોથાળા, આરીખાણા વગેરે ગામોમાં મેઘ સવારી પહોંચી હતી. તો બીજીતરફ  પૂર્વ કચ્છના અંજાર શહેરમાં સવારથી ઝરમર કે ઝાપટા સ્વરૂપે વરસાદ થતાં માર્ગો ભીંજાયા હતા.

દરમ્યાન, હવામાન વિભાગ દ્વારા  કચ્છ, પોરબંદર, દ્વારકા, અરવલ્લી, મહીસાગર અને દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

---

## જિલ્લામાં ડેમની સ્થિતિ

અષાઢ મહિનાના પ્રારંભથી જીલ્લામાં વરસી રહેલ વરસાદથી જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. જિલ્લાના નાની સિંચાઈ યોજનાના કુલ્લ ૧૭૦ ડેમ પૈકી ૮ ડેમ પૂર્ણ ભરાઈ ગયા છે. જેમાં ભુજ તાલુકાના સામત્રા, ચુનડી, માંડવી તાલુકાનો ઘોડાલખ, મુંદરા તાલુકાનો ગેલડા, નખત્રાણા તાલુકાના ગડાપુઠા, ખારડીયા, કોટડા રોહા, ઉમરાપર ડેમ છલકાઈ ગયા છે. જિલ્લાના કુલ્લ ૮૦ થી વધુ ડેમમાં સીલ લેવલ કરતા ઉપર પાણી પહોંચ્યું છે. જયારે ૮૧ જેટલા ડેમમાં હજુ સીલ લેવલ નીચે પાણી હોવાની વિગતો મળી છે.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી બિન શૈક્ષણિક સ્ટાફ

કચ્છ યુનિ. દ્વારા બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે 50 ટકા માતબર પગાર વધારો કરાયો છે. વર્ષ 2004 થી યુનિ.ની સ્થાપના થઈ ત્યારથી યુનિ.માં બિન શૈક્ષણિક કર્મચારીઓ ફિક્સ પગારમાં ફરજ બજાવે છે. આખરે વર્ષોથી વણઉકેલ્યા રહેલા પગારના પ્રશ્નોનો નિરાકરણ કરીને 50% પગાર વધારો કરાયો છે.

પગાર વધારો થતાં બિન શૈક્ષણિક કર્મચારી સંઘ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હ્તો અને આ પગાર વધારામાં સહયોગ આપનારાઓ પ્રત્યે બિન શૈક્ષણિક કર્મચારી સંઘના અધ્યક્ષા કૃપાલી મહેચ્છા સહિતના અગ્રણીઓએ આભારની લાગણી વ્યક્ત કરાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા સાંસદ વિનોદ ચાવડાએ કર્મચારીઓના હજુ અન્ય વણઉકેલ્યા પ્રશ્નો બાબતો જરૂર જણાય તો સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપી હતી. કુલપતિ ડૉ. મોહન પટેલે સૌ સાથે મળીને યુનિવર્સિટીને વધુ આગળ લઈ જઈ શકાય એ દિશામાં પ્રયત્ન કરવા અને ટૂંક સમયમાં યુનિ.માં શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની દિશામાં કામગીરી ચાલુ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

-----------------------------------------------------------------------------------------------

## ભારત-ઇગ્લેન્ડ ટેસ્ટ મેચ

બર્મિંગહામના એજબેસ્ટન ખાતે યજમાન ઇંગ્લેન્ડ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતે બીજા દાવમાં ૩ વિકેટે ૧૯૩ રન બનાવ્યા છે. કેપ્ટન શુભમન ગીલ ૩૫ અને રિષભ પંત ૪૬ રન પર રમી રહ્યા છે.  આ રીતે પ્રથમ ઇનિંગના આધારે ભારતની કુલ લીડ ૩૭૩ રનની થઈ ગઈ છે.

અગાઉ ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજે છ વિકેટ લીધી હતી જ્યારે આકાશ દીપે ચાર વિકેટ લીધી હતી. જેના કારણે ઇંગ્લેન્ડ પ્રથમ દાવમાં 407 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતે તેની પ્રથમ ઇનિંગમાં 587 રનનો સ્કોર બનાવ્યો હતો. લીડ્સ ખાતે પ્રથમ મેચ પાંચ વિકેટથી જીતીને ઇંગ્લેન્ડ પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીમાં 1-0થી આગળ છે.

---

## ઇન્દીરાબાઇ કન્યા વિદ્યાલય ખાતે બાળ સંસદ

બાળકો વિદ્યાર્થીકાળથી જ લોકશાહી પ્રણાલીથી અવગત થાય અને ચૂંટણીની પ્રક્રિયા સમજે તે હેતુથી ભુજની ઇન્દીરાબાઈ કન્યા વિદ્યાલય ખાતે ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓ માટે ચૂંટણી યોજી બાળ સંસદની રચના કરવામાં આવી હતી. જેમાં મતદાન કઈ રીતે કરવું, મતદાન વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની સમાજ અપાઈ હતી.

---

## લોક અદાલત

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આગામી ૧૨ મી જુલાઈએ શનિવારે જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. જેમાં પડતર કેસો સમાધાન માટે મુકવામાં આવશે.

---